૯૯ વર્ષના પટ્ટા ઉપર કરારથી જમીન રાખી શોપીંગ સેન્ટર તાણી બાંધ્યુ હતુ

હાલોલના જાંબુડીમાં સર્વે નંબર 535/1નવી શરતની 46 જેટલી ગેરકાયદે દુકાનોના બાંધકામ દૂર કરવાની કામગીરી

(પ્રતિનિધિ) હાલોલ, તા.12

હાલોલના મોજે જાંબુડી સર્વે નંબર 535/1 નવી શરત 73 AA માં અંદાજિત 46 જેટલી દુકાનો બિનઅધિકૃત બાંધકામ હાલોલ નગરપાલિકા દ્વારા તોડફોડ કામગીરી ચાલુ કરાઈ. પ્રાપ્ત માહિતી અનુસાર નગરપાલિકા હાલોલ ચીફ ઓફિસરના જણાવ્યા મુજબ હાલોલ મોજે જાંબુડી સર્વે નંબર 535/1 નવી શરત 73AA વાળી જગ્યા માં કેટલાક ઇસમો દ્વારા આ જગ્યા ના મૂળ માલિક નાયક મણીબેન સત્યભાઈ તથા અન્ય પાસેથી 99 વર્ષના પટ્ટા ઉપર કરારથી રાખીને સદર

જગ્યા ઉપર વિશાળ શોપિંગ સેન્ટર પાકું આરસીસી વાળું બનાવવામાં આવેલ હતું સદર જગ્યા માં બાંધકામની અને જરૂરી સરકારની પરવાનગીઓ મેળવેલ ન હતી તેથી કલેકટર પંચમહાલ કચેરી દ્વારા કલેક્ટરશ્રી એ થોડા વખત પહેલા સદર જગ્યાનું તમામ પ્રકારનું બાંધકામ દૂર કરવાનો હુકમ કર્યો હતો . પરંતુ સંબંધિત અરજદારો એ કોઈપણ જાતની દબાણ દૂર કરવાની કાર્યવાહી ન કરતા આજરોજ હાલોલ મામલતદાર શ્રીની સીધી દોરવણી હેઠળ નગરપાલિકા હાલોલ ચીફ ઓફિસર અને નગરપાલિકાનો સ્ટાફ ઉપરોક્ત જગ્યા ઉપર બાંધકામ દૂર કરવાની કામગીરી જેસીબી મશીનો દ્વારા ચાલુ કરી દેવામાં આવી છે અને જ્યાં સુધી બાંધકામ સંપૂર્ણ દૂર ન થાય ત્યાં સુધી કામગીરી ચાલુ રહેશે અને રેવન્યુ વિભાગ દ્વારા અન્ય દબાણો હશે તો દૂર કરવામાં આવશે તેવું ચીફ ઓફિસર નગરપાલિકા દ્વારા મૌખિક જાણવા મળેલ છે.

વહેલી તકે કામગીરી ન કરાય તો મોટા અકસ્માતની ભીતિ

ગાંગરડી ગામનું બસ સ્ટેશન અત્યંત જર્જરિત: નવીન બનાવવા માંગ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.12

ગરબાડા તાલુકાના ગાંગરડી ગામમાં આવેલ એસ.ટી. બસ સ્ટેશનની હાલત અત્યંત નાજુક બની ગઈ છે. દરરોજ સ્થાનિક પ્રજા બસ સ્ટેશન પર બેસીને આસપાસના વિસ્તારો તેમજ રાજ્યના અન્ય જિલ્લાઓ તરફ મુસાફરી કરે છે. ખાસ કરીને મજૂરી માટે બહારગામ જતા શ્રમજીવી મુસાફરો આ બસ સ્ટેશનનો વારંવાર ઉપયોગ કરે છે

પરંતુ હાલ ગાંગરડી બસ સ્ટેશનની સ્થિતિ એવી છે કે જ્યાં કોઈપણ ક્ષણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. સ્ટેશનની છત પરથી ધાબાના પોપડા ઉખડી

પડ્યા છે, પ્લાસ્ટર ખસી ગયું છે અને લોખંડના સળિયા ખુલ્લા પડી ગયા છે. સમગ્ર માળખું જર્જરીત હાલતમાં છે અને વરસાદી મોસમ દરમિયાન તો સ્થિતિ વધુ જોખમી બની જાય છે.

મુસાફરોનું કહેવું છે કે તેઓ રોજ બસની રાહ જોતી વખતે જીવના જોખમે આ બસ સ્ટેશનમાં બેસે છે. "ક્યારે છત તૂટી પડશે અને કોઈ મુસાફર પર પડી જશે તેની કોઈ ખાતરી નથી," એવા શબ્દોમાં મુસાફરોએ પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.ગ્રામજનો અને મુસાફરોનો આક્ષેપ છે કે વર્ષોથી એસ.ટી. વિભાગ અને તંત્ર આ મુદ્દે આંખ મીંચીને બેઠા છે. અનેકવાર રજૂઆત છતાં કોઈ સમારકામ કે નવીનીકરણ હાથ ધરાયું નથી. લોકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે "શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને પછી જ જાગશે?"

સ્થાનિક નાગરિકો તથા મુસાફરો દ્વારા તાત્કાલિક અસરથી જર્જરીત બસ સ્ટેશનનું સમારકામ હાથ ધરવાની અથવા નવીન બસ સ્ટેશન બનાવવાની માંગ ઉઠી છે.

દાહોદ જિલ્લામાં "સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત યોગ શિબિર

રાજ્યની જનતાને સ્વસ્થ, ઉર્જાવાન અને મેદસ્વિતા મુક્ત બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

ગુજરાત સરકારના "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લામાં મેદસ્વિતા યોગ શિબિર રાઉન્ડ-૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૧૦ નવેમ્બર ૨૦૨૫ થી તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી સતત ૩૦ દિવસ સુધી યોજાશે, જેમાં દૈનિક સવારના ૬:૩૦ થી ૮:૦૦ કલાક સુધી યોગાભ્યાસ દ્વારા મેદસ્વિતા ઘટાડવા માટેની તાલીમ આપવામાં આવશે.

આ અભિયાનનો હેતુ રાજ્યની જનતાને સ્વસ્થ અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવાનો છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં ૧૦૦ સ્થળોએ ૧૦૦ લોકો સાથે "રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પ" યોજાઈ રહ્યા છે. દાહોદ જિલ્લામાં આ અભિયાનનું ઉદ્ઘાટન અનાજ માર્કેટ દાહોદ ખાતે યોજાયેલ સમારોહમાં કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભાગ લેનાર લોકોને યોગ આસન, પ્રાણાયામ, સંતુલિત આહાર અને જીવનશૈલી સુધારણા દ્વારા મેદસ્વિતા દૂર કરવાની માર્ગદર્શિકા આપવામાં આવશે. માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી વિશ્વભરમાં પ્રચલિત "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ભાવનાને સાકાર કરતા આ અભિયાન રાજ્યની જનતાને સ્વસ્થ, ઉર્જાવાન અને મેદસ્વિતા મુક્ત બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન

પાંચવાડા પીએચસી ખાતે મોબાઈલ ટીબી એક્સ-રે વાન દ્વારા 183 દર્દીઓની તપાસ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.12

ગરબાડા તાલુકાના પાંચવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે 100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ આરોગ્ય કેમ્પ દરમિયાન મોબાઈલ ટીબી એક્સ-રે વાનની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં કુલ 183 શંકાસ્પદ દર્દીઓના ટીબી એક્સ-રે ટેસ્ટ કરવામાં આવ્યા. ઉપરાંત દર્દીઓ માટે વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસ જેવી વિવિધ આરોગ્ય તપાસણીઓ પણ હાથ ધરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારીતથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન

હેઠળ કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો – મેડિકલ ઓફિસર, તાલુકા ટીબી સુપરવાઈઝર, પિરામલ ફાઉન્ડેશનના કોમ્યુનિટી કોર્ડિનેટર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), ફીમેલ હેલ્થ વર્કર (FHW), આશા ફેસિલિટેટર તથા આશા બહેનો – એ સક્રિય સહયોગ આપ્યો હતો.આ પ્રકારના આરોગ્ય કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીની વહેલી તકે ઓળખ અને નિર્મૂલન દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે, જે "ટીબી મુક્ત ભારત"ના લક્ષ્ય તરફ દૃઢ પગલું સાબિત થશે.

બોરવાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓક્ટોબર માસમાં 65 સફળ ડિલિવરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

દાહોદ તાલુકાના બોરવાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓક્ટોબર માસ દરમિયાન કુલ 65 ડિલિવરી સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા. તમામ માતાઓ તેમજ નવજાત શિશુઓ સ્વસ્થ છે. આરોગ્ય કેન્દ્રના તબીબી સ્ટાફ દ્વારા તમામ નવજાત બાળકોનું સમયસર રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે તેમજ જન્મ પછી તરત સ્તનપાન કરાવવામાં આવ્યું હતું.

પ્રસવો દરમિયાન જરૂરી તમામ આરોગ્ય સુવિધાઓ અને માર્ગદર્શન આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી તથા સ્ટાફ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ, સુરક્ષિત અને સંવેદનશીલ આરોગ્ય સેવા પૂરી પાડવા માટે આરોગ્ય વિભાગ સતત પ્રયત્નશીલ છે.

સ્થાનિક મેડિકલ ઓફિસર દ્વારા જણાવ્યું કે માતા અને બાળકના આરોગ્ય માટે જરૂરી દેખભાળ, રસીકરણ, સ્તનપાન પ્રોત્સાહન તેમજ જાગૃતિ પ્રવૃત્તિઓ નિયમિત રીતે હાથ ધરવામાં આવે છે જેથી *"સ્વસ્થ માતા - સ્વસ્થ બાળક"*નો હેતુ સિદ્ધ થાય.

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત દાહોદ એલસીબી ૧૯ મોબાઈલ અરજદારોને પરત આપ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

દાહોદ જિલ્લામાં ચોરાયેલા ખોવાયેલા અને ગુમ થયેલા મોબાઈલો સંદર્ભે વિવિધ પોલીસ મથકોમાં અરજીઓ અને ફરિયાદ દાખલ થઈ હતી આ સંબંધે ગોધરા રેન્જના પોલીસ મહાન નિરીક્ષક આર ની અસારીની સૂચના અને દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શનથી કૃષ્ઠની ટેકનીકલ ટીમોએ જિલ્લામાં ચોરીમાં ગયેલ ગુમ થયેલ અને ખોવાયેલ મોબાઈલ સંબંધે સીઈઆઈઆર પોર્ટલ આધારે માહિતી એકત્રિત કરી અને ટેકનીકલ વર્કઆઉટની કામગીરીમાં કાર્યરત હતી તેમાં જિલ્લામાંથી જિલ્લા જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આવા ૧૯ મોબાઈલ કિંમત ૫,૬૨,૮૭૫ ના શોધી કાઢી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ ફોનના મૂળ માલિકોને બોલાવી તેમના મોબાઈલ ફોન પરત આપી સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી પોલીસ પ્રજાની મિત્ર છે એ સૂત્રને દાહોદ એલસીબીએ સાર્થક કર્યું છે.

ભાઈનું અકાળે મોત થતાં બહેન નોંધારી બનતા માથે આભ તુટ્યું

સુખસર તાલુકાના મોટાબોરીદાના 27 વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા મોત

(પ્રતિનિધિ) સુખસર,તા.12

દાહોદ જિલ્લામાં અવાર-નવાર ઝેરી દવા પી અથવા ગળે ફાંસો ખાઈ મોતને વહાલું કરવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે.તેવી જ રીતે ચારે એક દિવસ અગાઉ સુખસર તાલુકાના મોટાબોરીદા ગામના 27 વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઉંદર મારવાની દવા પી લેતા સારવાર દરમ્યાન દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ સુખસર તાલુકાના મોટાબોરીદા ખાતે રહેતા મેહુલભાઈ ઉદેસીગભાઈ ભાભોર ઉંમર

વર્ષ આશરે 27 ના ધોરણ 12 સુધી અભ્યાસ કરેલ હતો.અને જેઓએ 7 નવેમ્બર શુક્રવારના રોજ કોઈક અગમ્ય કારણોસર ઉંદર મારવાની રોટેક્સ નામની દવા પી લેતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવેલ. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ત્રણેક દિવસની સારવાર બાદ મેહુલભાઈની તબિયત લથડતા મંગળવારના રોજ મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત બાબતે મૃતક મેહુલભાઈની બેન છાયાબેન ઉદેસીગભાઈ ભાભોરે સુખસર પોલીસમાં જાહેરાત આપતા પોલીસે આકસ્મિક મોત અન્વયે ગુનો દાખલ કરી લાશનું દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

કાલોલના સાલિયાવ ગામે ધિંગાણુ, 7 સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.12

હસીન અહેમદખાન જમીઉલ્લાખાન પઠાણ ઉ.વ.૩૯ ધંધો, ખાનગી નોકરી મૂળ રહે. કરસાણા તા.સહાવર જી. કાશગંજ (યુ.પી) હાલ રહે. સર્વોદય સોસાયટી કાલોલ તા, કાલોલ જી.પંચમહાલ દ્વારા નોંધાવેલ ફરીયાદની વિગત મુજબ તેઓ કાલોલ તાલુકાના સાલિયાવ ગામ ખાતે આવેલ એકબરઅલી અતાઉલ્લા પઠાણના ઈંટોના ભઠ્ઠા ઉપર છેલ્લા બે વર્ષથી નોકરી કરતા ફરીયાદી ગઈ તા.૦૯/૧૧/૨૦૨૫ ના બપોરના આશરે બેએક વાગ્યાની આસપાસ તેઓ તથા તેમના શેઠ અકબરઅલી પઠાણ તથા મહેતાજી ચાંદબાબુ નાઓ ઓફીસમાં જમવા બેઠેલ હતા. અને સમા પરવીન ચાંદબાબુ રોટલી બનાવતી અને તેમની બાજુમા તેમની છોકરી ઉમરા બેઠેલ હતી. તેવામાં મહેતાજીને નાકમાથી લોહી નિકળેલ હોય જે બાબતે તેમને પુછતા તેઓએ કહેલ કે, આપણા ઈંટોના ભઠ્ઠા ઉપરથી ઈંટો લઈ જતા વેજલપુર ગામના સાજીદ સલીમ કઠીયા નાઓ સાડા બારેક વાગ્યાની આસપાસ તેમની ટ્રક ગાડી લઈને ઈંટો ભરવા આવેલ હતા અને તેઓની ગાડીમાં મજુરો મારફતે ટ્રકમાં બેસી ઈંટો ભરાવતા હતા તે વખતે આ સાજીદભાઈએ મને કહેલ કે, તમે મને સારી ઈંટો આપો હુ ગાડીમાં ટુકડા નહિ ભરાવુ તેમ કહેતા મે તેને કહેલ કે, તમને ઈંટો ના ગમે તો મારે ઈંટો આપવી નથી તમે બીજા કોઈ ભઠ્ઠેથી લઈ લેજો એમ કહેતા તે તથા તેના મજુર વિનય નરેશભાઈ ગોસાઈ નાઓ બન્ને જણા ઉશ્કેરાઇ ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો બોલતા બોલતા ટ્રકમાંથી નીચે ઉતરી સાજીદભાઈએ મહેતાજીને નાક ઉપર મુક્કો મારી દેતા નાકમાંથી લોહી નીકળી જતા તેઓ ઝડપથી ટ્રકમાં બેસવા જતા તેઓ પણ સ્લીપ ખાઈ જતા ટ્રકની લોખંડની એંગલ તેને માથામાં વાગી અને ઈજાગ્રસ્ત થયા હતા.

દિલ્હી ઘટનાની વિપરીત અસર : ગોધરા સ્ટેશન પર 2002ના સાબરમતી S/6 કોચની સુરક્ષા ચકાસણી કરાઈ

ગોધરા : દિલ્હીના લાલ કિલ્લા નજીક મેટ્રો સ્ટેશન પાસે કારમાં બોમ્બ વિસ્ફોટની ઘટના બાદ સમગ્ર દેશમાં સુરક્ષા તંત્ર સજ્જ બન્યું છે. કોઈ અનિચ્છનીય આતંકવાદી ઘટના ન બને તે માટે સમગ્ર દેશ સહિત ગુજરાતમાં પણ મહત્વની અને સંવેદનશીલ જગ્યાઓ પર પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે, વડોદરા પશ્ચિમ રેલવેની બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) દ્વારા સ્થાનિક પોલીસની મદદથી મહત્ત્વપૂર્ણ સ્થળોની સુરક્ષા ચકાસવામાં આવી હતી. ખાસ કરીને, વર્ષ 2002માં ટ્રેન હત્યાકાંડમાં 59 કાર સેવકો જે ટ્રેનમાં મોતને ભેટ્યા હતા તે સાબરમતી એક્સપ્રેસના S/6 કોચની સુરક્ષાનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. BDDS ટીમના પોલીસ કર્મચારીઓ દ્વારા એન્ટી સબોટેજ ડિવાઇસીસનો ઉપયોગ કરીને સાબરમતી S/6 ડબ્બાનું બારીકાઈથી ચેકિંગ કરવામાં આવ્યું હતું.

છત્તીસગઢ રાજ્યમાં ભગવાન ઝુલેલાલજી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણીનો મુદ્દો વખોડ્યો

સિંધી સમાજના આરાધ્યદેવનુ અપમાન, દેવગઢબારિયા પ્રાંત કચેરીમાં આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

છત્તીસગઢ રાજ્યમાં સિંધી સમાજના આરાધ્યદેવ વરુણાવતાર ભગવાન શ્રી ઝુલેલાલજી તથા સિંધી સમાજ વિરુદ્ધ કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓ અંગે દોષી વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી દેવગઢબારિયા પ્રાંત કચેરી ખાતે સિંધી સમાજ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગત દિવસોમાં છત્તીસગઢ રાજ્યમાં અમિત બઘેલ નામના વ્યક્તિ દ્વારા જાહેરમાં સિંધી સમાજના આરાધ્યદેવ વરુણાવતાર ભગવાન શ્રી ઝુલેલાલજી અને સિંધી સમાજ વિરુદ્ધ અત્યંત નિંદનીય, વાંધાજનક અને ધાર્મિક લાગણીઓને ઠેસ

પહોચાડનારી ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ ઘટના માત્ર સિંધી સમાજની ધાર્મિક આસ્થાઓનું અપમાન નથી, પરંતુ તે દેશના સાંપ્રદાયિક સૌહાર્દ, એકતા અને બંધારણની ભાવના પર ગંભીર પ્રહાર છે. દેશના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતો સિંધી સમાજ આ ઘટનાથી અત્યંત વ્યથિત અને ક્ષબ્ધ બન્યો છે. સમગ્ર ભારતવર્ષ તેમજ વિદેશોમાં વસતાં સિંધી સમાજના લોકોએ આ નિવેદનની તીવ્રનિંદા કરી છે. અને દોષિ વિરુદ્ધ તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી છે. સિંધી પીપલોદ લાડ લુહાણા સિંધી પંચાયત સમસ્ત સમાજના લોકો વતી સિંધી સમાજ તમારું ધ્યાન આ ગંભીર વિષય તરફ દોરી નીચે મુજબની માંગણી કરી રહ્યો છે. ઉક્ત વ્યક્તિ અમિત બઘેલ વિરુદ્ધ તાત્કાલિક અસરથી આઈટી એક્ટ, ધાર્મિક લાગણીઓ દુભવવા બદલ અને સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવા બદલ કડક કલમો હેઠળ ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે. આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા માટે સંબંધિત વહીવટી તંત્ર દ્વારા સખત ચેતવણી અને દિશા નિર્દેશો જારી કરવામાં આવે. ભારતના બંધારણમાં અપાયેલા ધાર્મિક સ્વતંત્રતા અને સન્માનના અધિકારનું રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવે. સિંધી સમાજની નમ્ર પ્રાર્થના છે કે દેશના માનનીય રાષ્ટ્રપતિ તરીકે આપ આ ગંભીર વિષય પર તત્કાળ સંજ્ઞાન લઈને સંબંધિત અધિકારીઓને દોષી વિરુદ્ધ સખત કાર્યવાહી કરવા માટે નિર્દેશ આપવામાં આવે.

ભોઈવાડાના રહીશો રસ્તા પર ભરાયેલા પાણીથી પરેશાન જોવા મળ્યા

કાંકણપુરના ભોઈવાડા ફળિયામાં નર્મદા પાઈપલાઈનના લીકેજથી પીવાના પાણીનો વેડફાટ

(પ્રતિનિધિ) ગોધરા, તા.12

ગોધરા તાલુકાના કાંકણપુર ગામના ભોઈવાડા ફળિયામાંથી પસાર થતી નર્મદા નદીની મુખ્ય પાણીની પાઈપલાઈનમાં મોટું લીકેજ થવાના કારણે પીવાના પાણીનો મોટા પાયે વેડફાટ થઈ રહ્યો છે, જેનાથી એક તરફ પાણીની અછતની ચિંતા વચ્ચે અમૂલ્ય જળનો જથ્થો વેડફાઈ રહ્યો છે અને બીજી તરફ ફળિયાના રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી સ્થાનિકોનું જીવન મુશ્કેલ બન્યું છે. સમસ્યાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભોઈવાડા ફળિયાના જાગૃત રહેવાસીઓએ ગામના તલાટી કમ મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરી તાત્કાલિક સમારકામની માંગ કરી

છે.રહેવાસીઓએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, પાઈપલાઈન લીકેજના કારણે સતત પાણી વહી રહ્યું છે. જેનાથી રસ્તા પર કાયમી ધોરણે પાણી ભરાયેલું રહેવાથી સમગ્ર વિસ્તારમાં અસહ્ય ગંદકી ફેલાઈ છે. ભરાયેલા આ ગંદા અને સ્થિર પાણીને કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે. સ્થાનિકોએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ માહોલમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોલેરા જેવા પાણીજન્ય રોગોનો રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે.

જે જનઆરોગ્ય માટે મોટો ખતરો છે. વધુમાં, લીકેજને કારણે રસ્તા પર પાણી ભરાયેલું રહેવાથી અવરજવર પણ જોખમી બની ગઈ છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને મહિલાઓને રસ્તા પરથી પસાર થવામાં ભારે તકલીફ પડી રહી છે. કાદવ અને લપસણા માર્ગને કારણે ઈજા થવાના અને લપસવાના બનાવોનું જોખમ સતત રહેલું છે.

રહેવાસીઓએ તલાટી કમ મંત્રી સમક્ષ વિનંતી કરી છે કે, આ જનહિતની બાબતને ગંભીરતાથી લઈ, તાત્કાલિક અસરથી પંચાયત મારફતે અથવા સંબંધિત વિભાગ દ્વારા નર્મદાની પાઈપલાઈનનું સમારકામ કરાવવામાં આવે. તેમણે જણાવ્યું છે કે, આ લીકેજ વહેલી તકે બંધ થાય તઓ ભોઈવાડા ફળિયાના રહેવાસીઓને ગંદકી, રોગચાળાના ભય અને અવરજવરની અસહ્ય સમસ્યામાંથી મુક્તિ મળી શકે.